# સેન્સેક્સમાં ૬૮૪ પોઈન્ટનો મોટો ઉછાળો

નવી દિલ્હી, તા.૧૯


શેરબજારમાં આજે તીવ્ર તેજી જોવા મળી હતી. કારોબારના અંતે સેન્સેક્સ અને નિફ્ટી તાજેતરના સમયમાં સૌથી ઉંચી સપાટીએ રહેતા કારોબારીઓમાં ખુશીનું મોજુ ફરી વળ્યુ હતુ. બીએસઈ બેંચમાર્ક સેન્સેક્સ ૬૮૪ પોઈન્ટ સુધરીને ૨૦૬૪૭ પોઈન્ટની સપાટીએ રહ્યો હતો. સેન્સેકસ ત્રણ વર્ષની ઉંચી સપાટીએ પહોંચ્યો હતો. નવેમ્બર ૨૦૧૦ બાદથી સેન્સેકસ સૌથી ઉંચી સપાટીએ પહોંચ્યો હતો. આરબીઆઈ આવતીકાલે તેની નાણાંકીય નીતિ જારી કરે તે પહેલા નવો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. વ્યાજલક્ષી સેકટરોમાં જોરદાર લેવાલી જોવા મળી હતી. અમેરિકન ફેડરલે ઈકોનોમિક સ્ટિમ્યુલસને યથા સ્થિતિમાં રાખવાનો નિર્ણય લેતા નવી આશા જાગી હતી. આરબીઆઈ પણ આવતીકાલે તેની નીતિમાં કેટલાક વિકાસલક્ષી પગલા જાહેર કરી શકે છે. આજે શેર બજારમાં તીવ્ર તેજીના પરિણામે મૂડીરોકાણકારોની સંપત્તિમાં ૧.૮૪ લાખ કરોડનો વધારો થયો હતો. યુએસ ફેડરલ રિઝર્વે બોન્ડ ખરીદી યોજના કાર્યક્રમ યથાવત રાખવાનો નિર્ણય કર્યો છે. સતત ચોથા દિવસે શેરબજારમાં તેજી રહી છે. સેન્સેકસ ૬૮૪ પોઈન્ટ સુધરીને ૨૦૬૪૭ની સપાટીએ રહ્યો હતો. આજની તેજી ૧૦મી સપ્ટેમ્બરના દિવસે નોંધાયેલા ૭૨૭ પોઈન્ટના ઉછાળા બાદ સૌથી મોટા ઉછાળા તરીકે જોવામાં આવે છે. ૩૦ શેર સેન્સેક્સના ૨૮ શેરમાં તેજી રહી હતી જેમાં આઈસીઆઈસીઆઈ બેંક, આઈટીસી, એચડીએફસી બેંક, એચડીએફસી, એલએન્ડટી અને એસબીઆઈનો સમાવેશ થાય છે. આરઆઈએલ, ઓએનજીસી, તાતા મોટર્સ, ભારતી એરટેલ, તાતા સ્ટીલમાં પણ તેજી જોવા મળી હતી. બીએસઈમાં એકંદરે ૧૪૩૦ શેરમાં તેજી રહી હતી અને ૯૯૭ શેરમાં મંદી રહી હતી. બીજી બાજુ ૫૦ શેર નેશનલ સ્ટોક એકસચેન્જ ઈન્ડેકસમાં ૨૧૬ પોઈન્ટનો સુધારો રહેતા તેની સપાટી ૬૧૧૬ નોંધાઈ હતી. નિફ્ટીએ પણ ૬૦૦૦ની સપાટી કુદાવી દીધી હતી. ઈન્ટ્રાડેના કારોબાર દરમિયાન નિફ્ટી ૬૧૪૬ની સપાટીએ પહોંચ્યો હતો. બેકિંગ ઈન્ડેકસમાં આજે સૌથી વધુ ૬.૭૮ ટકાનો મોટો સુધારો નોંધાયો હતો. એસબીઆઈના શેરમાં ૮.૦૭ ટકાનો અને આઈસીઆઈસીઆઈ બેંકના શેરમાં ૬.૫૫ ટકાનો મોટો ઉછાળો નોંધાયો હતો. એચડીએફસી બેંકના શેરમાં ૫.૧૩ ટકાનો ઉછાળો નોંધાયો હતો. ઓઈલ રિટેલરના શેરમાં પણ તેજી રહી હતી. સેન્સેક્સ અને નિફ્ટીમાં તીવ્ર તેજી માટે ઘણા કારણો જવાબદાર રહ્યા છે. મે ૨૦૦૯ બાદથી સેન્સેક્સમાં એક દિવસનો સૌથી મોટો ઉછાળો નોંધાયો છે. બ્રોડર માર્કેટમાં સ્થિતિ ખૂબ સાનુકૂળ રહી હતી. ડાઉજોન્સ ઈન્ડસ્ટ્રીય એવરેજમાં મોડી રાતના કારોબાર દરમિયાન ૧૪૬ પોઈન્ટનો સુધાર રહ્યો હતો. બેકેક્સ, રિયાલિટી ઈન્ડસ્ટ્રીઝમાં પાંચ-સાત ટકા વચ્ચેનો સુધાર રહ્યો હતો. જ્યારે કેપિટલ ગુડ્સ, પીએસયુ, એફએમસીજી, મેટલ, ઓઈલ એન્ડ ગેસ, કન્ઝ્યુમર ડ્યુરેબલ, ઓટો અને પાવરમાં ૩-૪ ટકા વચ્ચેનો મોટો સુધાર રહ્યો હતો. હકીકતમાં તમામ મોટા બીએસઈ સેકટરલ ઈન્ડેક્સ હકારાત્મક ઝોનમાં રહ્યા હતા .આવતીકાલે પણ તેજી યથાવત રહેવાના સંકેત દેખાઈ રહ્યા છે. તાતા સ્ટીલ, તાતા પાવર, એલએન્ડટી, ઓએનજીસી અને એચયુએલમાં પણ તેજી રહી હતી.



## વ્યાજદરમાં એસબીઆઈ દ્વારા વધારો : લોન મોંઘી

મુંબઈ, તા.૧૯

દેશની સૌથી મોટો ધીરાણ આપતી બેંક એસબીઆઈએ વ્યાજદરમાં વધારો કરતા આખરે લોન વધુ મોંઘી થઈ ગઈ છે. એસબીઆઈએ તેના બેઝ રેટ અથવા તો ધીરાણના લઘુત્તમ રેટમાં વધારો કરી દીધો છે. બેઝ રેટને વધારીને ૯.૮૦ ટકા કરી દેવામાં આવ્યો છે. આરબીઆઈની પોલીસી સમીક્ષાના એક દિવસ પહેલા એસબીઆઈએ વ્યાજદરમાં વધારો કર્યો છે. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાએ બેઝ રેટમાં ૦.૧૦ ટકા સુધીનો સુધારો કર્યો છે. બેઝ રેટ અગાઉ ૯.૭૦ ટકા હતો જે વધીને હવે વાર્ષિક ૯.૮૦ ટકા થયો છે. એક નિવેદનમાં એસબીઆઈએ આ મુજબની વાત કરી છે. આરબીઆઈના નવા ગવર્નર રઘુરામ રાજન પાસેથી નવી અપેક્ષા રાખવામાં આવી રહી છે. એસબીઆઈએ ઓટો અને હોમ લોનમાં પણ વધારો કરી દીધો છે. આમાં ૦.૨૦ ટકા સુધીનો વધારો કર્યો છે જે નવા લોન લેનાર લોકોને મુશ્કેલીમાં મુકશે. હોમ અને ઓટો લોન લેનાર લોકોની સંખ્યા દિન પ્રતિદિન વધી રહી છે ત્યારે એસબીઆઈએ પોતાની હોમલોન મોંઘી કરી દીધી છે. બેંકે બેંચમાર્ક પ્રાઈમ લેન્ડીંગ રેટ હેઠળ લોન માટેનો રેટ વધારી દીધો છે. બેંકના એક વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા કહ્યુ છે કે તમામ બાબતોને ધ્યાનમાં લઈને આ નિર્ણય લેવાયો છે. ૩૦ લાખ હેઠળ નવી હાઉસીંગ લોન લેનારને હવે ૧૦.૧૦ ટકાનો વ્યાજદર ચૂકવવું પડશે જે અગાઉ ૯.૯૫ ટકા હતુ. જ્યારે ઓટો લોન પર વ્યાજદર વધીને ૧૦.૭૫ ટકા થશે. રિઝર્વ બેંકે આવતીકાલે કેટલાક પગલાની તૈયારી કરી છે ત્યારે એસબીઆઈએ એક દિવસ પહેલા જ લોન વધુ મોંઘી બનાવી દીધી છે.



## સિંગાપોર એરલાઈન્સ સાથે જોડાણ

## તાતા સન્સ પણ હવે નવી જ એરલાઈન્સ શરૂ કરશે

મુંબઈ, તા.૧૯

એર ઇન્ડિયાના સ્થાપક તાતા સન્સ ફરી એકવાર ઉડ્ડયન ક્ષેત્રમાં જોરદાર એન્ટ્રી કરવાની તૈયારીમાં છે. આ ગ્રુપે આજે જાહેરાત કરી હતી કે ભારતમાં નવી ફુલ સર્વિસ એરલાઈન્સ લોન્ચ કરવા સિંગાપોર એરલાઈન્સ સાથે જોડાણ કરવામાં આવશે. શરૂઆતમાં આ નવી ફુલ સર્વિસ એરલાઈન્સ સ્થાનિક રૂટ પર જ ઉડાણ કરશે. શરૂઆતમાં સ્થાનિક રૂટ પર સેવા શરૂ કર્યા બાદ વિદેશમાં પણ તેનું નેટવર્ક ફેલાવે તેવી શક્યતા છે. તાતા સન્સ અને સિંગાપોર એરલાઈન્સ નવી ફુલ સર્વિસ એરલાઈન્સ શરૂ કરવાની દિશામાં આગળ વધી રહ્યા છે. તાતાએ હાલમાં જ મલેશિયન લોકોસ્ટ કેરિયર એર એશિયા સાથે ભાગીદારી કરી હતી. આ ભાગીદારી હેઠળ તેઓ આ વર્ષના અંત પહેલા બજેટ એરલાઈન્સ શરૂ કરશે. તાતા સન્સ અને સિંગાપોર એરલાઈન્સે આજે એમઓયુ પર હસ્તાક્ષર કર્યા હતા. આ ઉપરાંત ફોરેન ઇન્વેસ્ટમેન્ટ પ્રમોશન બોર્ડની મંજુરી માટે અરજી પણ કરી દીધી છે. ભારતમાં નવી એરલાઈન્સ માટે આ સમજૂતિ કરવામાં આવી છે. તાતા સન્સની હિસ્સેદારી નવી ફુલ સર્વિસ એરલાઈન્સમાં ૫૧ ટકાની રહેશે જ્યારે સિંગાપોર એરલાઈન્સની હિસ્સેદારી ૪૯ ટકાની રહેશે.

## ડોલર સામે રૂપિયામાં ૨.૬ ટકાનો મોટો ઉછાળો રહ્યો

મુંબઈ, તા. ૧૯

ડોલર સામે રૂપિયામાં આજે ૨.૬ ટકા અથવા તો ૧૬૧ પૈસાનો ઉલ્લેખનીય વધારો થયો હતો આની સાથે જ રૂપિયો આશરે પાંચ સપ્તાહની ઉંચી સપાટીએ પહોંચ્યો હતો. અમેરિકી ફેડરલ રિઝર્વના નિર્ણયના પરિણામ સ્વરૂપે તેની સીધી અસર માત્ર શેરબજાર પર જ નહીં બલકે રૂપિયા પર પણ થઈ હતી. બીજી બાજુ રિઝર્વ બેંક આવતીકાલે તેની પોલીસી સમીક્ષા જારી કરનાર છે જેમાં વિકાસમાં તેજી લાવવા અને રૂપિયાના ધોવાણને રોકવાની દિશામાં પગલા લેવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. જો કે આરબીઆઈના નવા ગવર્નર રઘુરામ રાજન મુખ્યરીતે ફુગાવા પર ધ્યાન કેન્દ્રિત કરે તેવી શક્યતા દેખાઈ રહી છે. આજે કારોબારના અંતે રૂપિયો ૬૧.૭૭ની સપાટીએ રહ્યો હતો. જ્યારે બુધવારના દિવસે રૂપિયો ડોલર સામે ૬૩.૩૮ની સપાટીએ રહ્યો હતો. ૧૬મી ઓગસ્ટ બાદથી રૂપિયો ઉચી સપાટીએ પહોંચ્યો છે. પોલીસી રેટ અને કેશ રિઝર્વ રેશિયોને લઈને બજારમાં વધારે અટકળોનો દોર ચાલી રહ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે રૂપિયામાં તાજેતરના સમયમાં ઉલ્લેખનીય ઘટાડો થયો હતો જેના લીધે આરબીઆઈની સાથે સાથે સરકાર પણ હચમચી ઉઠી હતી. રૂપિયાને સ્થિર કરવા માટે શ્રેણીબદ્ધ પગલા લેવામાં આવ્યા હતા. જો કે પગલાની અસર ધીમીગતિએ જોવા મળી હતી. આરબીઆઈના ગવર્નરે પણ કેટલાક પગલાઓ જ આવતાની સાથે જ સૂચવ્યા હતા. ડોલર સામે રૂપિયામાં એકાએક ફરી સુધારો થતા સ્થિતિ મજબુત બની છે. અત્રે ઉલ્લેખનીય છએ કે ડૉલર સામે રૂપિયામાં આજે સવારે જોરદાર તેજી જામી હતી. રૂપિયો ડૉલર સામે ૬૧.૮૨ની સપાટીએ પહોંચ્યો હતો. શરૂઆતમાં જ રૂપિયામાં ૧૫૬ પૈસાનો સુધારો થયો હતો. ઈન્ટરબેંક ફોરેન એક્સચેન્જ ખાતે ગઈકાલે ડૉલર સામે રૂપિયો ૬૩.૩૮ની સપાટીએ રહ્યો હતો. જો કે કારોબારના અંતે રૂપિયો ૨.૬ ટકા ઉછળીને બંધ રહ્યો હતો. વિદેશી મૂડીરોકાણકારોએ આ મહિનામાં હજુ સુધી ૭૦૦૦ કરોડના શેરની ખરીદી કરી છે. અગાઉના ત્રણ મહિનામાં ૨૨૦૦૦ કરોડની કિંમતના શેરનું વેચાણ કર્યા બાદ મૂડીરોકાણકારો ફરી એકવાર જંગી ખરીદી કરી રહ્યા છે.

## ડીએમાં ૧૦ ટકા વધારાને આજે લીલીઝંડી મળી શકે

નવી દિલ્હી,તા. ૧૯

મોંઘવારી ભથ્થાને વધારીને ૯૦ ટકા કરવાની દરખાસ્તને શુક્રવારે લીલીઝંડી આપે તેવી શક્યતા દેખાઈ રહી છે. હાલમાં મોંઘવારી ભથ્થાનો આંકડો ૮૦ ટકા છે. જો મોંઘવારી ભથ્થાને વધારીને ૯૦ ટકા કરવામાં આવશે તો આનાથી કેન્દ્ર સરકારના ૫૦ લાખ કર્મચારીઓ અને ૩૦ લાખ પેન્શનરોને ફાયદો થશે. આ વર્ષે પહેલી જુલાઈથી આને અમલી બનાવવાની હિલચાલ ચાલી રહી છે. કેબિનેટ આને મંજુરી આપવાને લઈને સતત વિચારણા કરી રહી છે. તીવ્ર મોંઘવારીનો સામનો કરી રહેલા લોકોને આનાથી મોટો ફાયદો થશે અને મોંઘવારીથી રાહત મળી શકે છે. મોંઘવારી ભથ્થામાં વધારો બે આંકડામાં લાબાં સમય બાદ કરવામાંઆવ્યો છે. કેન્દ્રીય કેબિનેટની બેઠક ઉપર તમામ લોકોની નજર કેન્દ્રીત થઈ ગઈ છે. આ બેઠક આવતીકાલે નિર્ધારિત કાર્યક્રમ મુજબ મળનાર છે. ડીએ વધારાને ૧લી જુલાઈથી અમલી ગણવામાં આવશે. જાણકાર સૂત્રોએ કહ્યું છે કે ડીએમાં ૧૦ ટકાના વધારા બાદ સરકારી તિજોરી ઉપર જંગી બોજ પડશે. ડીએને વધારીને ૯૦ ટકા કરવામાં આવ્યા બાદ વાર્ષિક ખર્ચમાં વધુ ૧૦૮૭૯ કરોડનો વધારો થશે. વર્ષ ૨૦૧૩-૧૪ દરમિયાન તિજોરી ઉપર ૬૨૯૭ કરોડનો વધારાનો બોજ પડશે. ડીએમાં આ વધારાના પરિણામ સ્વરૂપે સરકાર સામે નવા પડકાર પણ ઉભા થશે. ત્રણ વર્ષના ગાળામાં પ્રથમ વખત ડીએમાં બે આંકડામાં વધારો કરવામાં આવી રહ્યો છે. છેલ્લે સપ્ટેમ્બર ૨૦૧૦માં સરકારે ૧૦ ટકા ડીએ વધારાની જાહેરાત કરી હતી અને આ વધારાને ૧લી જુલાઈ ૨૦૧૦ના દિવસથી અમલી બનાવવાની જાહેરાત કરી હતી. એપ્રિલ ૨૦૧૩માં ડીએને ૭૨ ટકાથી વધારીને ૮૦ ટકા કરવામાં આવ્યો હતો. આ વધારો ૧લી જાન્યુઆરીથી અમલી બનાવવામાં આવ્યો હતો. પરંપરા મુજબ સરકાર કોઈપણ ડીએ વધારાના હેતુ માટે આંકડાઓ ઉપર પહોંચવા છેલ્લા ૧૨ મહિના માટેના સીપીઆઈ આઈડબલ્યુના ડેટાને ધ્યાનમાં લેતી હોય છે. ઓદ્યોગિક વર્કરો માટે રિટેલ ફુગાવો જુલાઈ ૨૦૧૨થી જૂન ૨૦૧૩ વચ્ચેના ગાળામાં બદલાયો છે. આ આંકડાનો ઉપયોગ ડીએમાં વધારો ઝીંકવા માટે કરવામાં આવનાર છે.

## ૪ પૈકી ૩ રાજ્યોમાં ભાજપ ભવ્ય જીત મેળવશે : નવા સર્વેનું તારણ

નવી દિલ્હી,તા. ૧૯

તાજેતરમાં જ કરવામાં આવેલા નવા પોલમાં જણાવવામાં આવ્યું છે કે આગામી વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ જોરદાર સપાટો બોલાવશે. ભાજપ મધ્ય પ્રદેશ, છતીસગઢમાં સત્તા જાળવી રાખવામાં સફળ રહેશે. જ્યારે રાજસ્થાનમાં કોંગ્રેસને પછડાટ આપીને સત્તા કબજે કરી લેશે. ટૂંકમાં ચાર રાજ્યો પૈકી ત્રણ રાજ્યોમાં ભાજપની જીત થશે. ભાજપ માટે આ ખૂબ સારા સમાચાર છે. ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને ભાજપ ચૂંટણી પ્રચાર સમીતિના વડા અને ત્યારબાદ વડાપ્રધાનપદના ઉમેદવાર બનાવવામાં આવ્યા બાદ ભાજપની સ્થિતિ ચારે રાજ્યોમાં ખૂબ મજબૂત બને તેવું દેખાઈ રહ્યું છે. ટાઈમ નાવ-સી વોટરના પોલમાં જણાવવામાં આવ્યું છે કે દિલ્હીમાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે ગળાકાર સ્પર્ધા રહેશે. અહીં ત્રિશંકુ વિધાનસભાની સ્થિતિ સર્જાય તેવા સંકેત દેખાઈ રહ્યા છે. નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભાજપ શાનદાર જીત મેળવશે. લોકસભાની ૨૦૧૪માં યોજાનારી ચૂંટણી પહેલા ભાજપને જોરદાર તાકાત મળે તેવી શક્યતા દેખાઈ રહી છે. આ ઉપરાંત



દિલ્હીમાં અરવિંદ કેજરીવાલના નેતૃત્વમાં આમ આદમી પાર્ટી પણ શાનદાર દેખાવ કરીને સાત બેઠકો જીતી જાય તેવી શક્યતા દેખાઈ રહી છે. દિલ્હીમાં વિધાનસભાની ૭૦ બેઠકો છે. પોલ મુજબ ભાજપને દિલ્હીમાં ૩૦ બેઠકો મળી શકે છે જે બહુમતિ કરતા છ બેઠકો ઓછી છે. બીજી બાજુ કોંગ્રેસને ૨૯ બેઠકો અને આમ આદમી પાર્ટીને સાત બેઠકો મળી શકે છે. ચાર રાજ્યોમાં ૩૯ હજાર લોકોને આવરી લઈને કરવામાં આવેલા ઓપીનીયલ પોલમાં આ મુજબનો દાવો કરવામાં આવ્યો છે. દિલ્હીમાં કોઈપણ સરકાર પોતાની રીતે સરકાર રચી શકશે નહીં. આમ આદમી પાર્ટી કોંગ્રેસ અથવા ભાજપ બંનેમાંથી કોઈને પણ ટેકો આપી શકે છે. ટાઈમ નાવ-સી વોટરના પોલમાં જણાવવામાં આવ્યું છે કે વર્ષ ૨૦૧૪ની લોકસભા ચૂંટણી પહેલા જેને સેમીફાઈનલ સમાન ગણવામાં આવે છે તે વિધાનસભાની ચૂંટણીમાં ભાજપનો દેખાવ ખૂબ જ સાનદાર રહેશે. દિલ્હીમાં ભાજપ ૩૦ અને રાજસ્થાનમાં ૧૧૮ બેઠકો ઉપર સપાટો બોલાવી શકે છે. જુદા જુદા રાજકીય પક્ષોની વાત કરવામાં આવે તો રાજસ્થાનમાં કોંગ્રેસની ૧૬૪ બેઠકો મળી શકે છે. મધ્ય પ્રદેશની વાત કરવામાં આવે તો પોલ સૂચવે છે કે ભાજપ સરળતાથી જીત મેળવી શકશે. શિવરાજસિંહ ચોહાણના નેતૃત્વમાં ભાજપને ૧૩૦ બેઠકો મળી શકે છે. મધ્ય પ્રદેશમાં વિધાનસભાની બેઠકોની સંખ્યા ૨૩૦ની આસપાસની છે. જ્યારે કોંગ્રેસને ૮૪ બેઠકોની આસપાસ મળશે. રાજસ્થાનમાં પણ ભાજપ શાનદાર દેખાવ કરનાર છે. અહીં ૧૧૮ બેઠકો જીતીને સત્તા ઉપર આવશે.

કોંગ્રેસને માત્ર ૬૪ બેઠકો મળી શકે છે. બસપ અને અન્ય પક્ષોને ૧૮ બેઠકો મળવાની શક્યતા દેખાઈ રહી છે. છતીસગઢમાં ભાજપને ૯૦ પૈકી ૪૭ બેઠક મળી શકે છે. મુખ્ય પસંદગીની વાત કરવામાં આવે તો રાજસ્થાનમાં વસુંદરા રાજને ૪૪ ટકા લોકો અને અશોક ગહેલોતને ૨૫ ટકા લોકો મુખ્યમંત્રી તરીકે જોવા ઈચ્છુક છે. છતીસગઢમાં રમણસિંહને ૪૮ ટકા, અજીત જોગીને ૨૩ ટકા લોકો મુખ્યમંત્રી પદે ઈચ્છે છે. દિલ્હીમાં શિલા દીક્ષિતને ૩૭ ટકા અને વિજય ગોહિલને ૧૮ ટકા લોકો મુખ્યમંત્રી તરીકે ઈચ્છે છે. મધ્ય પ્રદેશમાં શિવરાજસિંહ ચૌહાણને ૫૬ ટકા અને જ્યોતિરાદિત્યને ૨૩ ટકા લોકો મુખ્યમંત્રી પદે ઈચ્છે છે.

## રાજસ્થાનના પ્રધાન બાબુલાલ નાગરે આખરે રાજીનામુ આપ્યુ

જયપુર,તા. ૧૯

બળાત્કારના આક્ષેપોનો સામનો કરી રહેલા ડેરી અને ગ્રામીણ ઉદ્યોગ પ્રધાન બાબુલાલ નાગરે આજે ભારે હોબાળો થાય બાદ રાજીનામુ આપી દીધુ હતુ. રાજસ્થાનમાં વિધાનસભાની ચૂંટણી નજીક છે ત્યારે કોંગ્રેસની હાલત કફોડી બનેલી છે. બાબુલાલ નાગરે તેમનું રાજીનામુ મુખ્યમંત્રીની ઓફિસમાં મોકલી દીધુ છે. ૨૬ વર્ષીય મહિલાએ તેને નોકરી આપવાના બહાને તેમના નિવાસ સ્થાન પર તેના પર બળાત્કાર ગુજારવાનો આક્ષેપ કર્યો હતો. કોર્ટમાં કેસ દાખલ કરીને જોરદાર રજુઆત કરવામાં આવી હતી. મોડેથી કોર્ટે સોડાલા પોલીસ સ્ટેશનને એફઆઈઆર દાખલ કરવા સૂચના આપી હતી. ત્યારબાદથી આ મામલો તીવ્ર બની ગયો હતો. પત્રકાર પરિષદને સંબોધતા નાગરે કહ્યુ હતુકે તેઓ આક્ષેપો થયા બાદ રાજીનામુ આપી રહ્યા છે. જે લોકોને એવી દહેશત સતાવી રહી છે કે એક પ્રધાન તરીકે તેઓ તપાસ આડે અડચણ ઉભી કરી શકે છે તે લોકોને તેઓ રાજીનામુ આપીને જવાબ આપી રહ્યા છે. તપાસ સંસ્થા સ્વતંત્ર અને નિષ્પક્ષ રીતે તપાસ આગળ વધારી શકે તે હેતુસર તેઓ રાજીનામુ આપી રહ્યા છે. બળાત્કારના આક્ષેપોને રદિયો આપતા તેમણે કહ્યુ હતુ કે રાજકીય કાવતરાના ભાગરૂપે તેમને ફસાવવામાં આવ્યા છે. દરમિયાન સીઆઈડી-સીબીડી પોલીસ ટુકડી મહિલાને મેડિકલ ચકાસણી માટે એસએમએસ હોસ્પિટલમાં લઈને પહોંચી છે. તેના નિવેદનની નોંધણી મેજિસ્ટ્રેટ સમક્ષ કરવામાં આવી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગહેલોતે ગઈકાલે જ કહ્યુ હતુ કે પ્રધાન બાબુલાલ નાગર સામે ચાલી રહેલી પોલીસ તપાસમાં કોઈ પણ રાજકીય દરમિયાનગીરી કરાશે નહીં. ગહેલોતે કહ્યુ હતુ કે કાયદાથી કોઈ પણ વ્યક્તિ ઉપર નથી. કોઈની પણ સામે ચાલી રહેલી તપાસમાં દરમિયાનગીરી કરવામાં આવશે નહીં. ભાજપ દ્વારા બાબુલાલના રાજીનામાની જોરદાર માંગણી કરવામાં આવી રહી હતી. ભૂતપૂર્વ મુખ્યમંત્રી વસુંધરા રાજેએ મહિલાઓને સલામતિ અને સુરક્ષા આપવામાં નિષ્ફળતાનો ગહેલોત સરકાર પર આક્ષેપ કર્યો હતો. ભારે હોબાળો થયા બાદ આખરે બાબુલાલને રાજીનામુ આપી દેવાની ફરજ પડી હતી.

## ઘડપણ કોણે મોકલ્યું (પાના નં. ૪ નું ચાલુ)

હવે પોતે કરેલ ભૂલ તેનાં હૃદયને કોરી ખાય છે. તેમણે તથા પત્નીએ બે દિવરાઓ એક બાપને રાખવા તૈયાર નથી. બંને દીકરાઓ એક બાપને રાખવા તૈયાર નથી. બંને દીકરાઓની હાજરીમાં નક્કી થાય છે કે ૩૦ દિવસ એક દીકરાને ત્યાં અને બીજા ૩૦ દિવસ બીજા દીકરાને ત્યાં રહેવાનું એમ રમણભાઇ માટે બંને દીકરાઓને ગણિત નક્કી કરી લીધું. રમણભાઇની સ્થિતિ હવે ફૂટબોલ જેવી થાય છે. તેમાં એક મહિનાના ૩૧ દિવસ આવતાં હતા પરંતુ નક્કી કર્યા મુજબ ૩૦ દિવસ થતાં, મોટો દીકરો, નાનાને ત્યાં મુકવા ગયા, તે બહાર હતો તેથી બે ત્રણ કલાક બહાર બેઠા, પાડોશીને દયા આવી તેથી પોતાના ઘરે બેસાડી સાંત્વન આપ્યું. આ છે ઘડપણની પરિસ્થિતિ.

દીકરીને આ વાતની ખબર પડતાં નાનાભાઇને ત્યાં આવે છે, પરંતુ શરૂઆતમાં તો બારણું પણ ખોલતાં નથી. મહામહેનતે તેમજ પાડોશીઓનાં આગ્રહથી, નાના દીકરાની વહુ બારણું ખોલે છે અને પોતાના પિતાની આવી દયાજનક સ્થિતિ જોઇ દીકરી રડે છે અને પોતાની સાથે ઘરે લઇ જાય છે રમણભાઇને પોતાની દીકરીને ત્યાં રહેવાનું યોગ્ય લાગતું નથી તેથી તેનો ઉકેલ લાવવા બંને દીકરાઓ તેમજ દીકરી મળી, કાયમી ઉકેલ તરીકે રમણભાઇને ભાવનગરમાં ટી.બી ટાવર પાસે આવેલ કૃષ્ણ વૃદ્ધાશ્રમમાં સત્વરે દાખલ કરી દેવાનું નક્કી કરવામાં આવે છે. એક વખતનો હર્યા ભર્યા સંસારના નાયક તેમજ સંગીતના જાણકાર એવા રમણભાઇ કોઇ કોઇ વખતે ભારે હૈયે લલકારે છે. ‘જાનાર તો જાતા રહ્યા, જનાર તો જાતા રહ્યા, સદગુણ એના સાંભરે, સદ્‌ગુણ એના સાંભરે, વૈદ્યો, ડોકટરો, વૈજ્ઞાનિકો મોટા બને, પણ એક જીવન, મરનાર પાછા ના મળે,’ આમ હાલતમાં વૃદ્ધાશ્રમમાં રમણભાઇ જુના દીવસો વગોળતાં, વાગોળતાં શાંતિથી જીવન વ્યતિત કરી રહ્યા છે. અસ્તુ.

તા.ક. સત્ય હકીકતને આધારે, થોડા ફેરફાર સાથે...

## હૈદરાબાદ બ્લાસ્ટ : અંતે અસાદુલ્લા કોર્ટમાં રજુ

હૈદરાબાદ,તા. ૧૯

ઈન્ડિયન મુજાહિદીનના સહ સ્થાપક યાસિન ભટકલના નજીકના સાથી અસાદુલ્લા અખ્તરને એનઆઈએ દ્વારા ગુરુવારના દિવસે શહેરમાં લાવવામાં આવ્યો હતો. અસાદુલ્લાનને મજબુત સુરક્ષા વ્યવસ્થા વચ્ચે સ્થાનિક કોર્ટમાં રજુ કરવમાં આવ્યો હતો. ૨૧મી ફેબ્રુઆરીના દિવસે ટ્વિન બોમ્બ બ્લાસ્ટના કેસમાં તેને કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવ્યો હતો. નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સીના અધિકારીઓ દ્વારા તેને એડિશનલ મેટ્રોપોલિટન સેશન્સ જજ સમક્ષ રજુ કરવામાં આવ્યો હતો. કાર્યવાહી દરમિયાન પત્રકારોને કોર્ટના રૂમથી દૂર રાખવામાં આવ્યા હતા. દિલ્હી કોર્ટે ૧૭મી સપ્ટેમ્બરના દિવસે ટ્વિન બ્લાસ્ટ કેસના સંબંદમાં વિધિવતરીતે ભટકલની ધરપકડ કરવાની માંગ કરતી હૈદરાબાદ એનઆઈએની ટુકડીને મંજુરી આપી હતી.

## દેશમાં આંતરજાતિ લગ્નના કિસ્સામાં હાલ વધારો થયો

નવી દિલ્હી,તા.૧૯

દલીતોને આવરી લેતા આંતરજાતી લગ્નના પ્રમાણમાં ચાર ગણો વધારો એકલા મહારાષ્ટ્રમાં નોંધાયો છે. દેશના અન્ય ભાગોમાં પણ તાજેતરના સમયમાં આંતરજાતિ લગ્નનું પ્રમાણ વધ્યું છે. સામાજિક મૂલ્યો વધુ ઉદાર બની રહ્યા છે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. કેન્દ્ર સરકાર પાસે ઉપલબ્ધ આંકડાઓમાં જણાવવામાં આવ્યું છે કે દલીતો સાથે લગ્ન કરનાર લોકોની સંખ્યામાં તીવ્ર વધારો થઈ રહ્યો છે. વર્ષ ૨૦૧૨માં આંતરજાતિ લગ્નની સંખ્યા દેશમાં ૯૬૨૩ નોંધાઈ હતી. જે ૨૦૧૧માં ૭૬૧૭ અને ૨૦૧૦માં ૭૧૪૮ જેટલો હતો. મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ અને કેરળ આંતરજાતિય લગ્નના મામલામાં સૌથી આગળ દેખાઈ રહ્યા છે. સામાજિક સુધારવાદી લોકો દ્વારા સૂચવવામાં આવેલા પગલાંઓની વાત કરવામાં આવે તો આ રાજ્યો સૌથી ઝડપથી યોગ્ય દિશામાં આગળ વધી રહ્યા છે. સામાજિક જટિલતામાંથી બહાર નીકળી રહ્યા છે. આ પ્રવાહને પ્રોત્સાહન આપવાના હેતુસર કેન્દ્ર સરકાર હવે આંતરજાતિ લગ્ન કરનાર દંપતીને ૫૦ હજાર રૂપિયાની ચૂકવણી કરે છે. દલીત તરીકે પત્નીની પસંદગી કરનારને આ રકમની ચૂકવણી કરવામાં આવે છે. ઉદાર પરંપરાની વાત કરવામાં આવે તો અન્ય રાજ્યો કરતા મહારાષ્ટ્ર આગળ રહ્યું છે. દલીતો અને બિનદલીતો વચ્ચે ૨૦૧૨માં ૨૨૯૬ લગ્ન થયા છે. ૨૦૧૧માં ૫૬૩ અને ૨૦૧૦માં ૬૨૮ આ પ્રકારના લગ્ન થયા હતા. ૨૦૦૯માં આંકડો ૧૦૫૦થી ઘટીને ૨૦૦૮માં ૧૦૧૭ થઈ ગયો હતો. અન્ય રાજ્યોની વાત કરવામાં આવે તો આંધ્રપ્રદેશ અને કેરળમાં પણ સ્થિતિ ખૂબ સારી રહી છે. આંધ્રમાં ૨૦૧૨માં ૩૦૪૦ જેટલા લગ્ન થયા હતા જે ૨૦૧૧માં ૧૮૦૫ જેટલા હતા અને ૨૦૧૦માં ૧૬૪૧ જેટલા હતા. તમિલનાડુમાં પણ આંતરજાતિય લગ્નના કિસ્સાઓમાં વધારો નોંધાયો છે. તામિલનાડુમાં તાજેતરમાં જ ભારે હોબાળો પણ મચી ગયો હતો. હરિયાણા, હિમાચલ પ્રદેશ, મધ્ય પ્રદેશ, પંજાબ અને રાજસ્થાનમાં છેલ્લા પાંચ વર્ષના ગાળામાં મોટી સંખ્યામાં આંતરજાતિય લગ્ન થયા છે.

## ૯૦ ટકા ડુંગળીનો જથ્થો પૂર્ણ થતાં લોકો ચિંતાતુર

નવી દિલ્હી,તા. ૧૯

ડુંગળીની કિંમત રોકેટ ગતિએ વધી રહી છે. ડુંગળીની ઊંચી કિંમતના કારણે સામાન્ય લોકો ખૂબ પરેશાન થયેલા છે. ડુંગળીના સંગ્રહખોરો અને બોગસ વેપારીઓ પરિસ્થિતિનો લાભ લેવા માટે કમરકસી ચૂક્યા છે. કારણ કે ૯૦ ટકા ડુંગળીનો જથ્થો પૂર્ણ થઈ ચૂક્યો છે આવી સ્થિતિમાં સંગ્રહખોરો આગામી ૧૫થી ૨૦ દિવસમાં ખૂબ ઊંચી કિંમતે ડુંગળીનું વેચાણ કરી સ્થિતિને વધુ જટિલ બનાવે તેવી શક્યતા દેખાઈ રહી છે. દરમિયાનમાં દેશમાં ડુંગળીનો સ્ટોક ૮૫થી ૯૦ ટકા પૂર્ણ થઈ ચૂક્યો છે. માત્ર ત્રણ-ચાર લાખ ટન ડુંગળીનો જથ્થો વપરાશ માટે ઉપલબ્ધ રહ્યો છે. આ પ્રકારના અહેવાલ આવ્યા બાદ આવનાર દિવસોમાં ડુંગળીની કટોકટી સર્જાય તેવી શક્યતા દેખાઈ રહી છે. કારોબારીઓ નફો કમાવવામાં લાગેલા છે. ઓક્ટોબરથી ખરીદ પાકના આગમનથી સ્થિતિ હળવી બની શકે છે અને ત્યારબાદ જ કિંમતોમાં ઘટાડો થશે. વર્તમાન કટોકટીનો લાભ લેવા માટે ઘણા કારોબારીઓ કમરકસી ચૂક્યા છે. સરકારે પહેલાથી જ સંકેત આપ્યો છે કે લઘુત્તમ નિકાસ કિંમત આગામી થોડાક દિવસમાં પ્રતિ ટન ૯૦૦ ડૉલર કરવામાં આવશે જે હાલમાં પ્રતિ ટન ૬૫૦ ડૉલરની આસપાસ છે. નિકાસને રોકવા માટે આ પગલાં ઉપર ચર્ચા ચાલી રહી છે. બીજી બાજુ કઠોર, તેલિબિયા અને ખાદ્યાન તેલના સંગ્રહને રોકવા માટે પણ કેબિનેટ ઉપલબ્ધતાની ખાતરી કરવાના હેતુસર વધુ એક વર્ષ માટે આ વસ્તુઓ ઉપર સ્ટોક જાળવવાની મર્યાદા વધારવાની દરખાસ્ત ઉપર વિચારણા કરશે. ૨૦૧૩ દરમિયાન સ્ટોરેજને લઈને પણ તકલીફ ઊભી થઈ છે. સ્ટોરેજ ૨૦૧૨માં ૨૯.૫૦ લાખ ટનથી ઘટીને આ વર્ષે ૨૭.૫૦ લાખ ટનની આસપાસ છે. સૂત્રોનું કહેવું છે કે આશરે ૧૫ ડુંગળીના જથ્થાઓ મુંબઈ બંદરે આવી પહોંચ્યા છે જે આવનાર દિવસોમાં બજારમાં પહોંચશે.